# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૭ ● સળંગ અંક : ૫૯ ● તા. ૨૭ જુલાઈ થી ૨ ઓગસ્ટ ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# સમસ્ત મહાજનના મોવડીઓ સાંગલી મહાજનને આંગણે







હૃદય મંથન કરી મેં વાત કાઢી છે મનન માટે
મળી દ્રષ્ટિ જોવા કાજ, ને આંખો રૂદન માટે,
ધરા પર અશ્રુ વરસાવી કરે છે નાશ કાં એનો?
અનોખા તારલા છે, એ તું રહેવા દે ગગન માટે.
હૃદય મારા બળેલાં, એટલું પણ ના થયું તુજ થી?
બળીને પથ્થરો જો થાય છે સુરમો નયન માટે,
તમે જે ચાહો તે લઈ જાવ મારી ના નથી કાંઈ
તમારી યાદ રહેવા દો ફક્ત મારા જીવન માટે.

– શયદા



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ત્યાગનો મહિમા મોટો

ત્યાગને બીજા અર્થમાં કહીએ તો તપ છે. ત્યાગ એટલે આપણું પોતાનું કોઈને અર્પણ કરવું. રાજી ખુશી અને આનંદિત થઈને આપણું સુખ ભોગ કે સમૃદ્ધિમાંથી એક નાનકડો ટુકડો આપીએ તો એ ત્યાગ છે. સર્મપણ છે. જે કઈ દાન પુણ્ય કરતાં અનેક રીતે ચડિયાતો હોય છે.

ત્યાગ એટલે તજવું. આપણે આપણને વ્હાલી હોય, અતિ પ્રિય હોય એ ચીજ કે વસ્તુ કે ભૌતિક પદાર્થ કોઈને અર્પણ કરવું, આપી દેવું એ ખરે ખર ઉત્તમ પુણ્ય છે. જીવનમાં ત્યાગનું કે છોડવાનું અતિ મહત્વ છે. પણ એ આનંદ સાથે કરાયો હોય તો મજબૂરીથી કે નારાજગીથી કરાયેલા ત્યાગ ભાવનાશીલ, લાગણીશીલ નથી હો તો. વસ્તુની પ્રાપ્તિથી આપણે આનંદ અનુભવીએ છીએ એ આનંદ આપણે કોઈ ચીજ વસ્તુને ત્યાગ કરતી વેળાએ અનુભવી શકીએ તોજ સાર્થક થઈ શકે. આપણું હતું તેનો અભાવ આપણે માણીએ સ્વખુશીથી અને સ્વાનંદથી તો જ ત્યાગની યર્થાથતા ગણાય. જે વસ્તુ આપણી પહોંચની બાહર હોય આપણી ગજા ઉપરાંત હોય તેની પ્રત્યે ત્યાગનો ભાવ રાખીએ એ છલના છે. બધુ છોડીને ભાગી જવું કે દુન્યવી સુખોને છોડી દેવાથી માત્ર ત્યાગ સધાતો નથી.

સંસાર છોડી દઈએ બધાનો ત્યાગ કરી દઈએ પરંતુ મન, મગજમાં સંસાર ભર્યો હોય તો તે ત્યાગની કોઈ કિંમત નથી. મનથી સંસારને છોડી દેવાનું, સમર્પણ ભાવથી ત્યાગ કરવું કઠિન છે. સાધુ જીવન સ્વીકારવું આસાન છે. પણ મનથી સંસાર તજવું કઠિન તપ છે. એક સંસાર છોડ્યા પછી સાધુતાનો વૈભવી આલમ રચાઈ જાય એ પણ સર્વથા નિંદનીય છે. આપણી સમજ છે કે સુખી અને શ્રીમંત વ્યક્તિ જ દાવ કરી શકે, આપી શકે. આમ ત્યાગ માત્ર તાલેવંત વ્યક્તિઓ કરે એવું આપણું માનવું છે. પણ હકીકતમાં તો દરેક માણસ, નાનો હોય કે મોટો, હીન હોય કે અમીર સૌ કોઈ પોતાની પાસે રહેલ શક્તિ અને સાધનો ના પ્રમાણમાં ત્યાગ કરી પોતાનો અવતાર દિપાવી શકે છે. માત્ર લાખ રૂપિયા ઉડાડવાથી ત્યાગનો મહિમા થતો નથી. ભૂખ્યો ગરીબ માણસ પોતાને માંડ માંડ મળેલી રોટલીમાંથી એક ટુકડો પણ બીજાને ત્યાગ કરૂણા અને દયા ભાવથી આપે તો એ ઉચ્ચ પ્રકારનો ત્યાગ છે. આમ જોઈતો ઉદાર માણસોજ ત્યાગ કરી શકે. કૃપણ, લોભી લાલચુ માણસોતો પોતાની જરૂરતની તો શું તેમની પાસે પડેલી નિરર્થક નકામી કે ફાજલ વસ્તુઓ પણ છોડી શકતા નથી. એમને તો કેવળ લેવામાં સંગ્રહ કરવામાં રસ હોય છે. છોડી દેવામાં નહીં.

ત્યાગ સાથે દયા અને ઉદાર ભાવ હોય તો જ તેની સાર્થકતા થાય. ત્યાગ એ તપશ્ચર્યા છે. એ અર્થ ભાવથી આપણે લઈએ તો ત્યાગનો આનંદ, તેમાં રહેલા સુખનો ભાવ જરૂર માણી શકીએ. જીવનમાં જે મળેલું છે. તે માણવું હર્ષપૂર્વક સ્વીકારવું આનંદપૂર્વક પસાર કરવું તેનો મર્મ સમજી તેને જીવવું એ સાર્થક જીવનની સફળતા છે. એટલે જ જ્ઞાનીઓ એ કહ્યું છે. 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'. અલિપ્ત ભાવ, અનુરાગ દિન રહી કોઈ સુખ, સમૃદ્ધિનો સંતોષ સાથે છોડીએ એ જ ત્યાગ છે. મહા તપ છે.

- જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજનના મોવડીઓ સાંગલી મહાજનને આંગણે





સાંગલી નગરે તા.૨૧-૭-૨૦૧૯ રવિવારના શ્રી ક.દ.ઓ. મહાજન આયોજીત મિટીંગમાં શ્રી ક.દ.ઓ.જૈન સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશીથભાઈ દંડ, મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધરમશી, ટ્રસ્ટી મુલચંદભાઈ મોતા તથા કુમારભાઈ દંડ અને બહારગામથી સોલાપુર, બારશી, કરાડ, મસૂર, ઈચલકરજી અને મિરજથી ક.દ.ઓ. મહાજનોના સભ્યો પધાર્યા હતા. સાંગલી મહાજનના આમંત્રણને માન આપી. બધા મહેમાનોએ કાર્યક્રમની શોભા વધારી હતી.









કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવી. પુ.સાધ્વી હર્ષનિધિશ્રીજી મ.સા.ના માંગલિક પ્રવચન થયા. સૌ. હેતલબેન છેડાએ સ્વાગત ગીત રજૂ કર્યું. કૌશલભાઈ ખોનાએ સાંગલી દર્શનની ક્લીપ દેખાડી. સાંગલી મહાજનના ઉપાધ્યક્ષ રમેશભાઈ શિયાડ મહેમાનોનું સ્વાગત કરી. સાંગલી મહાજન વિશેની માહિતી આપી. સાંગલી મહાજનના સેક્રેટરી દેવાંગભાઈએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. સાંગલી મહાજનના માજી અધ્યક્ષ સ્વ.ઉત્તમભાઈ કલ્યાણજી ખોનાએ સમસ્ત મહાજન માટે ખૂબજ સારા કાર્યો કર્યા છે એમને યાદ કરી શ્રદ્ધાંજલી આપી. સાંગલી મહાજનના અધ્યક્ષ પ્રવિણભાઈ લોડાયાએ બધાના આભાર દર્શન કર્યા. સૌ. હેતલબેન છેડા અને સૌ. ડિમ્પલબેન મોમાયાએ સંપૂર્ણત



# સમસ્ત મહાજનના મોવડીઓ સાંગલી મહાજનને આંગણે






કાર્યક્રમની એન્કરીંગ કરી.

પધારેલા મહેમાન સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડ ખૂબજ સીધી અને સાદી ભાષામાં યુવાનોને નવી દિશા તરફ લઈ જવા માટે સુંદર માહિતી આપી. કચ્છ નલિયા ગામે યોજાયેલ ઐતિહાસિક સંમેલનની ઝલક દેખાડી. મુલચંદભાઈ મોતા અને કીર્તિભાઈ ધરમશી એ પોતાના મંતવ્યો રજૂ કર્યા. કુમારભાઈ દંડે કે.ડી.ઓ ગ્લોબલ કાર્ડ વિશેની માહિતી આપી. નિશીથભાઈ દંડે સંજીવની મેડીકલ સ્કીમ, નારી શક્તિ, આવાસ યોજના, યુવા પ્રવૃત્તિઓ અને સભ્ય આયોજન વિશેની માહિતી આપી અને 'સંજીવની પેટ્રોન'ની નવી સ્કીમ સાંગલીના ખમાબેન ખોના, નવલબેન ખોના અને સૌ. ધનલક્ષ્મીબેન લોડાયાના હસ્તે લોંચ થઈ.

ટોટલ ૧૫૦ જણાએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બપોરના સુંદર ભાવતા ભોજનનો આસ્વાદ માણ્યું હતું.



# કેડીઓ ટોક્સ શૉની અભૂતપૂર્વ લોકપ્રિયતાઃ

## ફક્ત પાંચ જ શૉમાં ૧૫૦૦ સબસ્ક્રાઈબરો નોંધાઈ ગયા




યુ ટ્યુબ પર શરૂ થયેલા કેડીઓ ટોક્સ શૉને અભૂતપૂર્વ લોકપ્રિયતા મળી રહી છે અને દેશવિદેશના કચ્છી દશા ઓસવાલ સમાજના તેમ જ અન્ય ગુજરાતી પ્રજાએ આ શોને ઉષ્માભર્યો પ્રતિસાદ આપ્યો છે. ફક્ત એક મહીનાના સમયમાં આ શો માટે પંદર સો લોકોએ કેડીઓ ટોક્સ શૉની ચેનલને સબસ્ક્રાઈબ કરી છે.

સૌથી પહેલા પ્રતાપ એક્સલન્સ કંપનીના માલિક મણિકાન્તભાઈ ધુલ્લાનો ઈન્ટરવ્યુ કરવામાં આવ્યો, જેને અત્યાર સુધીમાં ૨૬૦૦થી વધુ વ્યુઝ મળી ચુક્યા છે. ત્યાર પછી એજ્યુકેશનિસ્ટ કુસુમબહેન ધરમસીનો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. એને પણ ભારે લોકપ્રિયતા મળી હતી. ત્યાર બાદ. આઈએએસ ઓફિસર દિલીપ કુમાર નાગડાનો ઈન્ટરવ્યુ આવ્યો. આ ઈન્ટરવ્યુને પણ લોકોએ હોંશભેર માણ્યો. એ પછી કેડીઓના અગ્રણી શામજીભાઇ દંડનો ઈન્ટરવ્યુ આવ્યો, જેને ખૂબ જ હૂંફાળો પ્રતિસાદ મળ્યો. ગયા અઠવાડિયે એન્કર ઉજ્વલા છેડાએ ફક્ત ૧૬ વર્ષની ઉંમરે પાવર વેઈટલિફ્ટિંગમાં



# કેડીઓ ટોક્સ શૉની અભૂતપૂર્વ લોકપ્રિયતાઃ

## ફક્ત પાંચ જ શૉમાં ૧૫૦૦ સબસ્ક્રાઈબરો નોંધાઈ ગયા




અભૂતપૂર્વ સિદ્ધિ મેળવનાર ઇરા મેહુલ મેપાણીનો ઇન્ટરવ્યુ લીધો અને એને પણ દર્શકો દિલથી માણી રહ્યા છે.

કેડીઓ ટોક શોની અત્યારે ચારે તરફ ચર્ચા છે અને આગમી એપિસોડમાં કોનો ઈન્ટરવ્યુ આવશે એ વિશેની ઉત્સુકતા સમાજમાં પ્રવર્તે છે. કેડીઓ ભવિષ્યમાં દરેક ક્ષેત્રે સફળતા મેળવનાર કેડીઓ હસ્તીઓના ઈન્ટરવ્યુ કેડીઓ ટોકશો હેઠળ પ્રસિદ્ધ કરશે અને દર્શકોને એમનો પરિચય અપાવશે. કેમેરાની પાછળ ઈન્ટરવ્યુની ગતવિધિ સતત ચાલતી જ રહે છે દર શુક્રવારે સાંજે એક નવી કેડીઓ સેલિબ્રિટીનો ઈન્ટરવ્યુ યુટ્યુબ પર પ્રસિદ્ધ થાય છે.



# કે.ડી.ઓ. ટોક્સના ચોથા એપિસોડમાં જુઓ શામજીભાઈ નરશી દંડ સાથેનો વાર્તાલાપ

સમસ્ત કચ્છ દશા ઓસવાલ જૈન મહાજનની મિડીયા કમિટી પ્રસ્તુત કેડીઓ ટોક્સની શ્રૃંખલામાં મણિકાંતભાઈ ધુલ્લા, કુસુમબેન હરીશભાઈ ધરમશી અને દિલીપભાઈ કુસુમકાંત નાગડા સાથે પ્રત્યક્ષ સાક્ષાતકાર કરાવતા એપિસોડ રીલીઝ થયા. આ કન્સેપ્ટને જ્ઞાતિજનોનો બહોળો પ્રતિસાદ મળ્યો. સૌ એ આ નવતર પ્રયોગ પ્રકલ્પને વખાણ્યો છે.

કે.ડી.ઓ. ટોક્સનો ચોથો એપિસોડ ડિજીટલ મિડીયામાં રીલીઝ કરાયો છે. આ ખંડમાં એન્કર પ્રેઝન્ટર ધારિણી પ્રતાપ શાહ, મોતા અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષના પ્રમુખ અને સામાજિક કાર્યકર શામજીભાઈ નરશી દંડની સાથે દીર્ઘ વાર્તાલાપ કરી તેમના જીવનના અનુભવો તેમની કારકીર્દીની અજાણી વાતો જ્ઞાતિ અને સમાજના કાર્યો માટે તેમના વિચારો વિષે તેઓએ મોકળા મને વાતો કરી છે.

## ટ્રસ્ટબોર્ડની આગામી મિટીંગ તા.૧૮ ઓગસ્ટના કચ્છ મુકામે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમસ્ત મહાજનની ટ્રસ્ટ બોર્ડની આગામી મિટીંગ કચ્છ ગાંધીધામ મુકામે રવિવાર તા.૧૮ ઓગસ્ટના યોજાશે. આ મિટીંગ બાદ સર્વ ટ્રસ્ટીઓ અને વિવિધ સમિતિના પદાધિકારીઓ તેમણે સોંપાયેલી કામગીરી, વિસ્તૃત અહેવાલ ત્યાનાં લોકલ રહેવાસીઓને આપશે.




# કેડીઓ ટોક્સનાં પાંચમા એપિસોડમાં પાવર લીફ્ટર ઈરા મેહુલ મેપાણીનો સાક્ષાતકાર




કેડીઓ ટોક્સના પાંચમા એપિસોડમાં માત્ર કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની નહીં પણ સૌ કચ્છી-ગુજરાતી જ્ઞાતિ સમાજની પ્રથમ અને એકમાત્ર પાવર લીફ્ટર ૧૬ વર્ષીય ઈરા મેહુલ મેપાણીનો સાક્ષાત્કાર ઉજ્જવલ શાહ છેડાએ કર્યો છે.





સમસ્ત મહાજનના મિડીયા કમિટી દ્વારા રજૂ થતી આ પ્રવૃત્તિ કેડીઓ ટોક્સના અગાઉ ચાર શૉ ડિજીટલ મિડીયામાં રિલીઝ થયા છે. એ કડીમાં આ પાંચમો એપિસોડ યુવા પાવર લીફ્ટર ઈરા મેહુલ મેપાણી વિશેનો છે. જેમાં યુવા પાવર લીફ્ટર એ પોતાના જીવનના યાદગાર પ્રસંગોને સ્મૃત કર્યા છે. ક્યા સંજોગોમાં પાવર લીફ્ટીંગમાં પળોટાયા તેના સંભારણા કર્યા છે. નાજુક નમણી યુવતી આખરે ભારેખમ વજન ઉપાડવા જેવો પૌરૂષિય કહેવાતા શોખમાં કઈ રીતે અપનાવ્યો તેની માંડીને વાત કરી છે. મમ્મી-પપ્પાના પ્રોત્સાહનને કારણે પોતાની પ્રગતિ થઈ છે એ કબૂલાત પણ તેમણે કરી છે.

યુવાઓને પ્રેરક બની રહે એવી મુલાકાત સૌ એ ખાસ જોવી-માણવી રહી. કેડીઓ ટોક્સના કન્સેપ્ટ ને ડાયરેક્ટર જયંત છેડા છે. સમસ્ત મહાજનની મિડીયા કમિટીના સૂત્રધારોમાં ચેરમેન જયંત છેડા, વાઈસ ચેરમેન રાજેશ ધરમશી, સેક્રેટરી મનિષા લાલકા, ટ્રેઝરર મનોજ લોડાયા, ડિજીટલ મિડીયા અંકુર ખોના, પ્રિન્ટ મિડીયા રાજેન્દ્ર ખોના, યુથ ફોરમ તેજસ ખોના, વિડીયોગ્રાફી તિલક લોડાયા તથા ટીમ સહયોગી મેમ્બરો તરીકે રિતેશ ખોના, વર્ષા લોડાયા, ચેતન ખોના, મનિષ ધરમશી, ચાર્મી ખોના, ઉમેશ મોતા, પ્રબોધ મુનવર, લક્ષ્મીચંદ પોલડીયા, મોનિક ધરમશી, રમેશ મોતા અને મુકેશ લોડાયા છે. જ્યારે મિડીયા કમિટી કન્વીનર તરીકે જવાબદારી તિલકચંદ દંડ સંભાળે છે.

# ભાંડુપ સંઘમાં અમીચંદની અમીદ્રષ્ટિ ઉપર વ્યાખ્યાન યોજાયું




શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપમાં તા. ૨૧ જુલાઈ ૨૦૧૭ રવિવારનાં સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન પ.પૂ. વિરાગ ગુણાશ્રીજી મ.સા. ની નિશ્રામાં અમીચંદની અમી દ્રષ્ટિ ઉપર જાહેર પ્રવચન યોજાયું છુટીનો દિવસ હોવાથી સંઘના શ્રાવક-શ્રાવિકાઓની બહોળી સંખ્યામાં હાજરી હતી. જીવનના તત્વજ્ઞાનને બહુ ખૂબીથી સમજ આ વ્યાખ્યાન દ્વારા સૌને મળી હતી. સરળ અને સ્પષ્ટ સુમધૂર વાણીમાં પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સૌને હૃદયસ્પર્શી ગયું હતું. પ્રવચન બાદ સૌ સાધાર્મિક ભક્તિ લાભ લીધો હતો.




# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એક્મ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એક્મ દ્વારા દર વર્ષ ની જેમ પર્યુષણપર્વ બાદ તા. ૨૨/૦૯/૨૦૧૯ રવિવાર ના અબડાસામાં તથા સમસ્ત કચ્છ માં વસતા આપણા સર્વે જ્ઞાતિજનો માટે ક્ષમાપના સ્નેહમિલન અને જ્ઞાતિના ઉભરતા તારલાઓને પ્રોત્સાહિત કરવા (બૃહદ ગાંધીધામ વિસ્તાર સિવાયના) વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન કરેલ છે. વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૧૮-૧૯ ના માર્કશીટની કોપી એકમના પ્રતિનીધી પાસે તારીખ ૧૫/૦૮/૨૦૧૯ સુધી જમા કરાવવાની રહેશે, ગ્રેડ સીસ્ટમ માં માર્ક્સ શાળા માંથી લખાવવી આવવાના રહેશે, નહીતોં ગ્રેડ સીસ્ટમ મુજબ સૌથી નીચેના % ગણવામાં આવશે. આ આયોજન સફળ બનાવવા દાતાશ્રીઓ નો સહયોગ આવકાર્ય છે. જો કોઈ મહાજનશ્રી અથવા એકજ દાતાશ્રી લાભ લેશે તો તેઓના ગામમાં તેઓશ્રી ની અનુકુળતા મુજબ આયોજન કરી શકાશે. સંપર્ક પ્રમુખ મહેશ લાલકા - ૯૮૨૫૨૮૭૫૫૫ મંત્રી લહેરચંદ ખોના- ૯૮૨૫૧૩૮૧૦૩.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# હૈદ્રાબાદ-ભૂજ રેલ સેવા શરૂ કરવા કેન્દ્રીય રાજ્યમંત્રીને આવેદન અપાયું



પ્રાણી મિત્ર રમેશ જાગીદાર મેમોરિયલ ફાઉન્ડેશનના સંસ્થાપક અને મંત્રી તથા શ્રી કચ્છી મિત્ર મંડળના સભ્ય શ્રી રિદ્ધિશ જાગીરદાર તથા જસમતભાઈ પટેલ એ સાથે મળીને રેલ્વે કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી જી. હિસન રેડીને સોમાજી ગુડા સ્થિત દિલકુશ ગેસ્ટ હાઉસમાં રૂબરૂ મળી હૈદ્રાબાદ-સિકંદ્રાબાદથી ભુજ-કચ્છી સુધીની રેલ સેવા શરૂ કરવા માટે આવેદન પત્ર સુપ્રત કર્યું.

કેન્દ્રીય રેલ રાજ્યમંત્રી સિકંદ્રાબાદના સાંસદ પણ છે. તેઓને કચ્છી ગુજરાતી સમાજની સમસ્યાઓ પ્રત્યે ધ્યાન દોરતાં કહ્યું હતું કે હૈદ્રાબાદ અને કચ્છ વચ્ચે સીધી રેલ સેવા ન હોવાને લીધે યાત્રિકોને પોતાના વતન પહોંચવા સમય અને પૈસાનો અતિવ્યય થાય છે. જન્મભૂમિ સાથે કર્મભૂમિ સુધી પહોંચવાની સુવિધાપૂર્ણ આવવા જવાની સગવડ ન હોવાથી ઘણી વિપદા સહન કરવી પડે છે.

કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રતિનિધિ એવા જસમતભાઈ પટેલ એ હાલે સિકંદ્રાબાદથી રાજકોટ ટ્રેન સાપ્તાહિક ધોરણે ચલાવાય છે. તે પ્રતિદિન ચલાવાય તથા શતાબ્દી ટ્રેનની સુવિધા ગુજરાતના વિવિધ સ્થળો માટે અપાય એવી માંગ કરી હતી.

કેન્દ્રીય રેલ રાજ્યમંત્રી શ્રી જી. કિશન રેડીએ બે માસ અગાઉ પૂર્વ વિદ્યાયકની રૂએ રેલ મંત્રી પીયૂષ ગોયલને પત્ર લખી આ માંગવિષે ચર્ચા કરી છે. તે ફરી તેમનું ધ્યાન દોરવાની તતા આ વિષે પોતાના સકારાત્મક પ્રયાસ કપવાની ખાત્રી આપી હતી.







# ખામગાંમ સંઘમાં ત્રિહાનિકા પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશના ખામગાંવ નગર જૈન સંઘમાં શ્રી આદિનાથ જિનાલયમાં પ.પૂ. સા.શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ત્રિહાનિકા પ્રતિષ્ઠા મહોત્સનો તા. ૨૧ જુલાઈ રવિવારના પ્રારંભ થયો. જેના પ્રારંભ દિવસે પ્રતિમાઓનો ભવ્યતાથી પ્રવેશ કરાયેલ. સંકળ સંઘના ભારે સંખ્યામાં ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહ ભેર સહભાગથી પ્રસંગ ધન્યતાથી સભર થયો હતો.











# વડોદરા શાઈનીંગ પાઠશાળામાં ઓમ કલર હરીફાઈ યોજાઈ







રવિવાર તા. ૨૧ જુલાઈ ૨૦૧૯ ના શ્રી કે.ડી.ઓ. વડોદરા સંઘ દ્વારા શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સંચાલિત પાઠશાળામાં પ.પૂ.હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. ની નિશ્રામાં ઓમ કલર હરિફાઈ યોજાઈ. પૂજ્યશ્રી બાળકોને ધર્મસ્પર્શી જ્ઞાન સરળજ્ઞાન આપી સદ્ગુણ અને સંસ્કાર જાળવી લોક કલ્યાણ કાર્ય કરવાની શીખ આપી હતી અને ઓમ આકારને પોતાના મનભાવ રંગોદ્વારા પૂરી હૃદયનો ઉમળકો વ્યક્ત કર્યો હતો. બાળકો શાઈનીંગ પાઠશાળાની દરેક પ્રવૃત્તિમાં ઉમંગભેર ભાગ લે છે. જે તેમને ધર્મ સંસ્કારથી સભર બનાવે છે.

# મોન્સુન સાઈકલીંગને મળ્યો ઉત્સાહભેર પ્રતિસાદ






તા. ૨૧ જુલાઈ રવિવારના અંકલેશ્વરમાં સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની યુવા કમિટી દ્વારા Our First Ride Towards Better Environmebr & Healthy Life ના સૂત્રને ચરિતાર્થના નેજા હેઠળ વહેલી સવારથી ઉત્સાહભેર સહભાગી થઈ સાઈકલીંગ સફરને સફળ બનાવી હતી ઉમંગ અને ખુશી યોં માહોલ પિકનિક જોવો માહોલ બનાવ્યો હતો.

આવું જ આનંદ પ્રમોદનો માહોલ ગાંધીધામમાં જોવા મળ્યો હતો. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગાંધીધામની યુવા ટીમના આયોજન હેઠળ સૌ સંગે મળી વહેલી સવારના ખુશનુમા મોસમમાં સાઈકલીંગનો આનંદ માણ્યો હતો અને મોન્સુન સાઈકલીંગ ઈવેન્ટને સફળ બનાવી હતી.








**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શિવમસ્તુતીર્થ ખાતે મોટી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિમાં વાજતે-ગાજતે ચાતુર્માસ પ્રવેશ





બંદરીય શહેર માંડવીના નિકટવર્તી એવા શિવમસ્તુ તીર્થ ખાતે તીર્થના સ્વપ્નદ્રષ્ટા મુનિ મહાભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય મુનિ પૂર્ણભદ્રસાગરજી મ.સા. કે જેમનો સંયમ જીવનના ૪૫ વર્ષના દીર્ઘ જીવનકાળમાં જૈન શાસન અને અચલગચ્છની સેવાઓમાં સિંહફાળો રહ્યો છે તથા સુસાધ્વી અમિતગુણાશ્રીજી મ.સા., શ્રી મહાપદમગુણાશ્રીજી મ., પૂ.સા.મૈત્રીગુણાશ્રીજી મ.સા. આદિનો સામૈયા સાથે તા.૧૪ જુલાઈ રવિવારના ચાતુર્માસ પ્રવેશ થયો હતો.

આ અવસરે ૪૦૦ થી વધુ ભાવિકોને સંબોધતા મુનિ પૂર્ણભદ્રસાગરજીએ જણાવ્યું કે, હું આત્મા છું એવો ખ્યાલ ખોઈ બેઠા છીએ એ જ આપણું મોટું અજ્ઞાન છે. નવાવાસથી પૂર્ણગુણાશ્રીજી મ.સા. તથા મેરાઉથી કાવ્યાગુણાશ્રીજી મ.સા.ની ઉપસ્થિતમાં સ્વામિનારાયણ મ્યુઝીક બેન્ડ, ગહુંલીઓ, ઘડીઓ અને શાસનધ્વજ સાથે અનેક ગામોના ઉપસ્થિત વિશાળ જન સમૂહ તથા ટ્રસ્ટી મંડળની હાજરીમાં પ્રવેશ બાદ જુદા જુદા સંઘોના અગ્રણીઓનું અભિવાદન કરાયું હતું.

આ અવસર પ્રસંગે સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ સ્થાનિક તેમજ આસપાસના ક્ષેત્રોમાંથી તથા મુંબઈ તથા દેશાવરથી પધારીને ઉત્તમ લાભ લીધો હતો.









# શ્રી સાંધાણ તીર્થના નવટુંક જિનાલયના પુનઃપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન

ત્રિભુવન પ્રસિદ્ધ મહિમાવંત સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન કચ્છ અબડાસાના મોટી પંચતીર્થના પ્રવેશદ્વાર સમા શ્રી સાંધાણ તીર્થ તિલક ટુંક નામે નવ ટુંક જિનાલયમાં બિરાજમાન છે. જિનાલયનો જિર્ણોધ્ધાર પૂર્ણાહૂતિ પછી નવે નવ ટૂંકોમાં પુનઃપ્રતિષ્ઠાનું મુહુર્ત અચલગચ્છાધિપતિ પ.પૂ.સા.ભ. તપચક્રવર્તી સંઘ શિરછત્ર શ્રીગુણોદયસાગરસુરિશ્વરજી મ.સા.ના આશીર્વાદથી માગસર સુદ બીજ તા. ૨૮ નવેમ્બર ૨૦૧૯ ગુરૂવારના સુનિશ્ચિત થયેલ છે. આજ દિવસ સાંધણ જિનાલયની ૧૬૮મી વર્ષગાઢ છે.

આ પુનઃપ્રતિષ્ઠા પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન અનેક વિધિ વિધાનો, પૂજનો વગેરેનું આયોજન રાજસ્થાન દિપક, સૌમ્ય સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી. કમલપ્રભાસાગરસુરિશ્વરજી મ.સા.ની પુણ્ય પ્રભાવી નિશ્રામાં કરાશે.

મહોત્સવમાં સંઘ સાથે જવા ઈચ્છુકે પોતાના નામ તા. ૨૦ જુલાઈ ૨૦૧૯ શનિવાર સુધી રૂા. ૫૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ ડીપોઝિટ રકમ રીફંડેબલ સાથે નોંધાવવા. પૂરી વિગત જેમાં પુરૂનામ, જાતિ, વય, સંપર્ક નંબર, આવાસ સુવિધા જોઈશે કે નહીં? તે વિગતવાર આપવી. ટિકીટ બુકીંગનું પેમેન્ટ પેટીએમ, ગુગલ પે અથવા રોકડાથી નુરેશ પટેલ મોનં. ૦૯૮૧૯૭ ૬૩૩૮૯ને કરવું.

પોતાનું નામ નોંધાવવા સાંધાણ યુથ ફ્રન્ટના કિરણ લોડાયા મોનં. ૯૦૦૪૩ ૪૯૯૯૫, છાયા ધરમશી ૯૬૧૯૭ ૧૧૫૫૧, યોગિની મૈશેરી ૯૯૨૦૦ ૮૭૮૪૫, કેતન ધરમશી ૯૮૨૦૮ ૯૫૨૫૬, નુરેશ પટેલ ૯૮૧૯૭ ૬૩૩૮૯ તથા તિવેશ ધરમશી ૯૩૨૨૩ ૦૭૮૧૭નો સંપર્ક કરવો.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9322257731**



Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

" The One Stop Travel Shop, Right Where You Need It "

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

IATA Accredited Agent
ATOAI
IBG

# કોઠારાની જી.ટી. હાઈસ્કુલની 1967 S.S.C બેચના વિધાર્થીઓનું સ્નેહમિલન



કોઠારાની જી.ટી. હાઈસ્કુલની ૧૯૬૭ S.S.C. બેચના વિધાર્થીઓનું સ્નેહમિલન  તા. ૨૮.૦૬.૨૦૧૯ ના કોઠારા મધે આયોજન થયેલ જેમાં ઉપસ્થિત ૨૬ માં ૫ જ્ઞાતી જનો - શ્રી લહેરચંદ રતનશી ડાઘા, વરાડીયા- ભાંડૂપ, શ્રી ભવાનજી રાઘવજી લોડાયા, સાંધવ - મુલુંડ, શ્રી મધુકાંત પાર્શ્વવીર મોમાયા, વરાડીયા- ભુજપુર, શ્રી રમેશ ખીંયશી મુનવર, જખૌ- ડોંબીવલી તથા સૌ. પ્રેમલતા વીરચંદ નાગડા, પરજાઉ -થાણા નો સમાવેશ થાય છે. ભુતપુર્વ વિધાર્થી ઓ દ્વારા શાળાના ટ્રસ્ટી અને ભુતપુર્વ પ્રિન્સીપાલ શ્રી પ્રભાત સિંહ જાડેજા (રાષ્ટ્ર પતિના હસ્તે એવોર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષક) તથા વર્તમાન પ્રિન્સીપાલ શ્રી ઓઝા સાહેબનું સન્માન થયેલ. યોગાનુયોગ તે દિવસે શ્રી ભવાનજી ભાઈના જન્મ દિનની ઉજવણી થયેલ.



સાંજે વરાડીયામાં શ્રી લહેરચંદ ભાઈના નિવાસસ્થાને તેમના વતી બધાનું સન્માન થયેલ તથા ભોજનનું આયોજન થયેલ.








● વડનગરા નાગર મહિલા મંડળ આયોજિત મકાઈ કે તેના લોટમાંથી બનતી વાનગીઓની સ્પર્ધા યોજાઈ. જેમાં હાંડવો, કેક, ફ્રેન્કી, ફરસાણ અને મીઠાઈ કે તેના લોટમાંથી બનાવાઈ હતી. નિર્ણાયક તરીકે પાક શાસ્ત્ર નિષ્ણાંત અનિતાબેન ધોળકિયાએ સેવા આપી હતી.

● કચ્છ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. કનિષ્ક શાહ અને ટીમ દ્વારા તૈયાર થયેલી તેમજ આંતરરાષ્ટ્રીય ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલમાં શોર્ટ ફિલ્મ કેટેગરીમાં પસંદ થયેલી ફિલ્મ 'રિબૂટિંગ મહાત્મા' લોસ એન્જલસ ખાતે તાજેતરમાં યોજાયેલા મહોત્સવમાં દર્શાવવામાં આવી હતી અને વિવેચકોએ તેની બહોળી પ્રશંસા કરી હતી. ટૂંક સમયમાં આ ફિલ્મ ડિજિટલ પ્લેટફોર્મમાં આવશે. ફેસ્ટિવલ ડાયરેક્ટર ઉમેશ શુકલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ફિલ્મ ફેસ્ટિવલમાં જય વસાવડા, ગોપી દેસાઈ અને સૌમ્ય જોશી એ જજ તરીકે સેવા આપી હતી.

● વાગડ બે ચોવિસી સ્થાનક વાસી જૈન મહાજન ભુજ-દ્વારા સમાજ ઉપયોગી વિવિધ પ્રવૃત્તિ આયોજન અંતર્ગત દર્દીઓને ઉપયોગી મેડિકલના વિવિધ સાધનોનો લોકાપર્ણ કાર્યક્રમ યોજાયો મેડિકલના સાધનો જરૂરિયાત વાળા દર્દીઓ ઉપયોગ કરી સત્વરે પોતાનું આરોગ્ય તંદુરસ્ત બનાવે એ હેતુથી આ સહાય વિતરણ કરાયું હોવાનું જણાવાયું હતું.

● અબડાસા તાલુકાના નિરાધાર વૃદ્ધ, દિવ્યાંગો અને આર્થિક પછાત એવા ૧૭૨ જેટલા લાભાર્થીઓને સહાય આપવાના સરકારી હુકમો અપાયા હતા. નેશનલ સોશિયલ પ્રોગ્રામ અંતર્ગત સમાજ સુરક્ષાની યોજનાઓ વય વંદના ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને નિરાધાર અપંગ યોજના, નિરાધાર વિધવા યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય (સંકટ મોચન) યોજના અમલમાં છે. તેઅંગે લાભાર્થીઓને માહિતગાર કરાયા હતા. તાલુકા મામલતદાર સિદ્ધરાજ સિંહ ગઢવીના હસ્તે ઓપન હાઉસમાં લાભાર્થીઓને હુકમો અપાયા હતા.

● કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદએ જી.એમડીસીના સહકારથી વર્ષ ૨૦૦૨ થી શાહી બાગ એરીયામાં કચ્છી વિશ્રામગૃહની વ્યવસ્થા કરેલી છે. જ્યાં કોઈપણ જાતના જ્ઞાતિ-જાતિ તથા ઉચ્ચ નીચના ભેદભાવ વગર કોઈને રહેવા જમવા વિગેરેની વ્યવસ્થા આપવામાં આવે છે. અત્રે એસી નોન એસી પ્રકારના ૬૪ રૂમ અને ૪ ડોરમેટરી સુવિધા કરવામાં આવી છે. સંસ્થાનું બીજુ એક અતિથિભવન ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે આવેલું છે. જ્યાં ૫૦ની સંખ્યામાં પ્રવાસીઓ દરરોજ ઉપયોગ કરી શકે છે. અહીં પણ એસી/નોન એસી રૂમ અને ડોરેમેટરીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ગીતા મંદિર અતિથિ ભવનનો ફોન નંબર ૦૭૯૨૫૪૬૧૨૭૦ છે. જ્યાં ફોન દ્વારા પણ બુકીંગ કરાવી શકાય છે.

● તામિલનાડુની રાજધાની ચેન્નાઈમાં પીવાની પાણીની કટોકટી છે. ટ્રેન દ્વારા તાજેતરમાં ત્યાં પાણીની ટેંકરો રાહત અર્થે મોકલાઈ. એજ પ્રમાણે ગાંધીધામ ટ્રાંસવર્લ્ડ શિપિંગ કું. દ્વારા ૨૦ લિટરના એક એવા ૧૫૬૧ બાટલા. બે કન્ટેનરમાં ભરીને કંડલાબંદરથી ચેન્નઈ જહાજમાં  મોકલાવાયા. દર અઠવાડિયે આ રીતે બે કન્ટેનર પીવાનું પાણી ચેન્નાઈ ખાતે પહોંચ્યાબાદ જે વિસ્તારોમાં પાણીના પાણીની ખૂબ કટોકટી હશે ત્યાં રેડક્રોસના સભ્યો સાથે રહીને પાણીનું વિતરણ કરશે.

● આજના સમયમાં શિક્ષણનું વ્યાપારી કરણ થઈ ગયું છે. ખાનગી શાળાઓની ફીથી માંડી શિક્ષણના આનુષાંગિક ખર્ચાઓથી વાલીઓની કેડ ભાંગી પડે છે. આવા વાતાવરણમાં શિક્ષણ માટે સેવા કરવાનો ભાવ એક શ્રમજીવી દરજી ઉગેડીના હેમરાજભાઈ જીવણભાઈ ગરવા છેલ્લા સાત વર્ષથી ઉગેડી તેમજ મોરાય ગામના વિદ્યાર્થીઓને મફતમાં શાળા ગણવેશ સીવી આપે છે અને શિક્ષણ પ્રત્યે સેવા કરયાનો સંતોષ માણે છે. વર્ષ ૨૦૧૨થી ઉગેડી ગામની પ્રાથમિક શાળામાં ધોરણ ૧ માં પ્રવેશ મેળવતા તમામ વિદ્યાર્થીઓને મફતમાં યુનિફાર્મ સીવી આપે છે.

# પ.પૂ.સર્વોદય સાગરજી મ.સા.ના કાળધર્મની દ્વિવાર્ષિક તિથિ સ્મૃતિ



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી સાહિત્ય સંશોધક શાસન પ્રભાવક પ.પૂ.મુનિરાજશ્રી સર્વોદયસાગરજી મ.સા. તા.૨૦ જુલાઈ ૨૦૧૭ ગુરૂવારના કાળધર્મ પામ્યા.

તેમની સ્મૃતિ કરતાં શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ પોતાના સંઘમાં બે બે ચાતુર્માસ કરી સંઘમાં ધર્મ, તપ અને ભક્તિની અનોખી આરાધના કરાવનાર ગુરૂદેવશ્રીની સ્મૃતિ વંદના કરી હતી તથા ૪૦૦થી વધુ દેરાસરોમાં એક હજારથી વધુ ધાતુની પ્રતિમાઓની સ્થાપના કરાવી પ્રભુભક્તિની આહલેક જગાવનારા મેવાડ દિવાકર પ.પૂ.ગુરૂદેવશ્રી સર્વોદય સાગરજી મ.સા.નું ગુરૂ ગુણનાવાદ શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘએ કરી વંદના સ્મૃતિ કરી હતી.

# હુબલી સંઘમાં માઁ ભગવતી સરસ્વતીની અદ્ભુત સાધના કરાઈ





તા.૨૧ જુલાઈ રવિવાર રોજે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના આયોજનમાં દક્ષિણરત્ન મહાતપસ્વી પ.પૂ.મુનિ પ્રવર ગુરૂદેવશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની પુનિત નિશ્રામાં માઁ ભગવતી દેવી શ્રી સરસ્વતીજીની અદ્ભુત સાધના કરાઈ. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ આ સાધનામાં શ્વેત વસ્ત્ર ધારણ કરી ભક્તિપૂર્વક આરાધના કરી સહભાગી થયા હતા. સૌને માટે ધર્મ ભક્તિની આ સાધના અનોખી અને અંતકરણને શાંતિ પ્રદાન કરનારી રહી હતી.







## જીવન ઘટમાળ

**● જ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૭-૨૦૧૯ | બાયઠ | કરણ કીર્તિ રાજેન્દ્ર રતીલાલ પોલડિઆ | જાલના | - |
| | વારાપધર | જાગૃતી રશ્મિ સુરેદ્ર લક્ષ્મીચંદ લોડાયા | ચાલીસગામ | - |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૭-૨૦૧૯ | અંતરજાળ | જ્યોતિબેન દિલીપ ધરમશી | મંજલ | ૭૭ |
| ૨૧-૦૭-૨૦૧૯ | નાસિક | જયા બંકીમચંદ ડાઘા | વરાડીયા | ૮૪ |
| ૨૫-૦૭-૨૦૧૯ | ખાવડી નાની | પ્રેમિલા લક્ષ્મીચંદ લોડાયા | ખાવડી નાની | ૭૫ |
| ૨૬-૦૭-૨૦૧૯ | ગોરેગામ (પ.) | ધનલક્ષ્મી હિરાચંદ લાપસીયા | દલતુંગી | ૮૧ |
| ૨૬-૦૭-૨૦૧૯ | ભાંડુપ (પ.) | યોગેન્દ્ર શામજી કાંકન | સાંધાણ | ૬૩ |

# મસ્જિદ બંદર શ્રી અનંતનાથજી જિનાલયમાં ગચ્છ અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાલી માતાની ભાવના

તા.૧૧ ઓગસ્ટ રવિવારના સવારે ૯ કલાકે શ્રી અનંતનાથજી ૨૪ જિનાલય તીર્થ ખારેક બજાર, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર મધે શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના આયોજનમાં બૃહદ મુંબઈના શ્રી સંઘોના સથવારે ગચ્છ અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાલી માતાની ભાવના ભણાવાશે.

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી યશોગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રા અને પ.પૂ.યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.ની વિશેષ ઉપસ્થિત અને માર્ગદર્શનમાં આ આયોજન ઘડાયું છે. સકળ સંઘો મહાજનો અને શ્રાવક શ્રાવિકાઓને પધારવાનું સંઘ દ્વારા ભાવભર્યું આમંત્રણ છે.

બૃહદ મુંબઈમાં ચાતુર્માસ બિરાજમાન પૂ.સાધુ-સાધ્વીશ્રીજી ભગવંતો તથા શ્રી સંઘો તે દિવસે પોતાના સંઘમાં અનુષ્ઠાન આદિ આગળ પાછળ કરાવી વધુમાં વધુ ભાવિકો માઁની ભક્તિમાં સહભાગી થાય એવી પ્રેરણા આપે એવી આગ્રભરી વિનંતી કરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO